# કેરી મહોત્સવમાં પ્રથમ દિવસે જ જોરદાર પ્રતિભાવ

## શહેરમાં ૧૧ રાજ્યોની ૧૦૦ પ્રકારની કેરીનું પ્રદર્શન : ૧૬ જાતના અથાણાનું પણ વેચાણ







ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગરમાં રામકથા મેદાન, સેક્ટર-૧૧ ખાતે ભવ્ય કેરી મહોત્સવનો ગઈકાલે પ્રારંભ થયો છે. જેમાં ગાંધીનગરમાં સૌ પ્રથમ વખત રાષ્ટ્રીય મેંગો ફેસ્ટિવલનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. કેરી મહોત્સવના પ્રથમ દિવસે જ કેરીના રસિયાઓનો ધસારો જોવા મળ્યો હતો. ગાંધીનગરમાં મળતી કેરીની જાત કરતા અન્ય કેરીની જાતોનું પ્રદર્શન નિહાળવા શહેરીજનો ઉમટ્યા હતા. શહેરીજનો વિવિધ પ્રકારની કેરીઓ જોઈને મંત્રમુગ્ધ બની ગયા હતા. વિવિધ કદ, આકાર, રંગ, સ્વાદમાં કેરીની વિશિષ્ટતા જુદી જુદી છે. અમુક કેરીઓનો દેખાવ જ એટલો આકર્ષક છે કે જોઈને જ ખરીદવાની ઈચ્છા થઈ જાય છે. ગાંધીનગરાઓને આ પ્રકારની કેરીઓ સૌ પ્રથમ વખત જોવા મળી રહી છે તેથી ખરીદીનો માહોલ પણ ધૂમ વર્તાશે. આ સાથે જ ગાંધીનગર તેમજ રાજ્યના અન્ય શહેરના નાગરિકોને ગુણવત્તાયુક્ત કેરી પ્રાપ્ત થશે. રાષ્ટ્રીય કેરી મહોત્સવમાં બાગાયતી ક્ષેત્ર સાથે સંકળાયેલા લોકોને નવી ટેકનોલોજીનું જ્ઞાન મળી રહ્યું છે. અત્યાર સુધી મેંગો ફેસ્ટિવલ સાસણગીર, જૂનાગઢ ખાતે યોજવામાં આવતો હતો. આ વર્ષથી રાષ્ટ્રીય મેંગો ફેસ્ટિવલનું આયોજન ગાંધીનગરમાં થયું હોવાથી શહેરીજનોમાં આનંદો છવાયો છે.

આણંદ એગ્રીકલ્ચર યુનિવર્સિટીમાંથી ૫૦ જેટલી અલગ અલગ જાતની કેરીઓ પ્રદર્શનમાં મુકવામાં આવી છે. સૌરાષ્ટ્રમાંથી વેપારીઓ દ્વારા કેરીની અઢળક પેટીઓ વેચાણ અર્થે મુકવામાં આવી છે જેમાં પાંચ કિલોના ૬૦૦ રૂપિયા (કાચીકેરી) જ્યારે પાકી કેરીના ૧૨૦૦ રૂપિયા જેટલો ભાવ છે. વેસ્ટ બંગાળની હેમસાગર કેરી ૬૦૦ રૂપિયા કિલો, ગુલાબ ખાસ કેરી ૫૦૦ રૂપિયા કિલો, લંગડા કેરી ૫૦૦ રૂપિયા કિલો. આ ઉપરાંત કેરીનું અથાણું, છુંદો, મેંગો પલ્પ સહિત ૧૬ જાતના અથાણાનું વેચાણ કરવામાં આવી રહ્યું છે. કુલ ૫૦ જેટલા કેરીઓના સ્ટોલમાંથી પ્રથમ દિવસથી જ ગાંધીનગરમાં મધુરતા પ્રસરી ગઈ છે. અને નાના બાળકો કેરીની વિવિધ સ્પર્ધાઓમાં ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લઈ રહ્યા છે.

### મહિલાઓના નામ પરથી કેરીના નામ

ઉત્તરપ્રદેશની અંબિકા, અરૂણીકા, અરૂનિમા, પ્રતિભા, પિતાંબરા, લાલીમા, સૂર્યા, હુસનેરા, ગુલાબ, ઓસ્ટીન, મલ્લિકા, ક્રિષ્ણા ભોગ, યુક્તિ, સુરખા પરા, કેરળની સુંદરી, સુવર્ણરેખા, નિલમ, શ્રેષ્ઠા વિગેરે જેવા નામ પરથી કેરીઓના નામ પાડ્યા છે. જે રંગ, સ્વાદ, સુગંધ રૂપ, આકારમાં વિવિધતા ધરાવે છે.

# આ તે કેવો ''ગર્વ''?? કાર્યક્રમ સ્થળે છોડ્યાં ગંદકીના થર..!!

## સ્વર્ણિમ પાર્ક ખાતે યોજાયેલા ગર્વ ફાઉન્ડેશનના કાર્યક્રમ સ્થળે કચરો, એંઠવાડ અને ગંદકીના ઢગ : સવારે મોર્નિંગ વોક લેવા ગયેલાં નાગરિકો પાર્કની દુર્દશા જોઇને વ્યથિત થયાં

ગાંધીનગર, તા. ૨૭

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી સફાઈ પર સતત ભાર મુકે છે. દેશને સ્વચ્છ અને સુંદર બનાવવા તેમણે ''સ્વચ્છ ભારત અભિયાન'' થકી સમગ્ર દેશને મહાત્મા ગાંધી પછી ફરી એકવાર એંઠવાડ અને ગંદકીના ઢગ છોડીને ગયાં છે. આ ગંદકીના કારણે આજે સવારે સ્વર્ણિમ પાર્કમાં મોર્નિંગ વોક લેવા ગયેલાં સ્વાસ્થ્ય પ્રેમી અને પર્યાવરણ પ્રેમી નાગરિકો પાર્કની દુર્દશા જોઈને વ્યથિત થયાં હતાં.

ગાંધીનગરમાં એક તરફ પાર્કના તે સમગ્ર વિસ્તારમાં દુર્ગંધનો માહોલ સર્જાયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે તાજેતરમાં ગાંધીનગર મહાનગરપાલિકાના સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન જશવંતભાઈ પટેલે એક સમૂહલગ્ન સમારોહમાં હાજરી



તેમણે નવેસરથી રાહ ચિંધી છે. જોકે વડાપ્રધાનની સ્વછતા જાળવવાની વાતને અહીં સ્થાનિક સત્તાધીશો ગંભીરતાથી લેતાં હોય તેવું જણાતું નથી કેમકે હમણાં સળંગ બે દિવસ સ્વર્ણિમ પાર્ક ખાતે ગર્વ ફાઉન્ડેશન નામની સંસ્થા દ્વારા કાર્યક્રમ યોજાયો હતો જેમાં ફાયર-પોલીસ કર્મચારીઓના સન્માન કરાયાં હતા. આ કાર્યક્રમમાં અમિષા પટેલ, આદિત્ય પંચોલી, જયાપ્રદા અને કિંજલ દવે જેવા સ્ટાર વીઆઈપી મહેમાનો ઉપસ્થિત રહ્યાં હતા. જોકે આ કાર્યક્રમમાં મોટી મોટી વાતો થયાં બાદ કાર્યક્રમ પતાવીને સૌ કોઈ પોતપોતાના ઠેકાણે જતાં રહ્યા અને કાર્યક્રમ સ્થળે કચરો, વિકાસના નામે વૃક્ષોનો સોથ વાળવાનું સતત ચાલુ છે અને બીજી તરફ કચરા-ગંદકીના થરને કારણે પર્યાવરણ પર પ્રતિકૂળ અસરો પડી રહી છે, આમ છતાં શહેરમાં જાહેર સાફસફાઈ બાબતે બેદરકારીનું વલણ વધતું જઈ રહ્યું છે. સ્વર્ણિમ પાર્ક ખાતે ગર્વ ફાઉન્ડેશન નામની સંસ્થા દ્વારા કાર્યક્રમ યોજાયો હતો જેના સમાપન બાદ આ સ્થળે નજીકમાં કચરો, એંઠવાડ અને ગંદકીના ઢગ જેમના તેમ છોડી દેવાયાં છે. આ સ્થળે વધેલી રસોઈને પણ ફેંકી દેવાઈ છે જેના કારણે અન્નનો તો ભારે બગાડ થયો જ છે પરંતુ તેના એંઠવાડને રખડતાં કૂતરાં-ઢોર ખાવા માટે આવીને વધુ ફેલાવી રહ્યાં છે અને સ્વર્ણિમ આપ્યાં બાદ તે સ્થળે ફેલાયેલી ગંદકી જોયેલી નિહાળી તેને સાફ કરીને નવો ચીલો શરૂ કરવામાં આવ્યો હોવાની વાહવાહી લૂંટવામાં આવી હતી. ગર્વ ફાઉન્ડેશનના કાર્યક્રમમાં મેયર અને ડેપ્યુટી મેયર સાથે તેમણે પણ હાજરી આપી તો ગર્વના કાર્યક્રમ સ્થળે ફેલાયેલી ગંદકી કેમ ફેલાઈ અને તેને કેમ સાફ કરવામાં આવી નથી તે બાબતે પગલાં ભરવા જરૂરી જણાઈ રહ્યું છે. જો આ કિસ્સામાં કે અયોજકો કે કોન્ટ્રાક્ટર જેની પણ બેદરકારી હોય તેની સામે આકરાં દંડ સાથે શિક્ષાત્મક પગલાં ભરવા જોઈએ તેવી શહેરના પ્રકૃતિ પ્રેમી નાગરિકોમાં માંગ આક્રોશ સાથે જોવા મળી રહી છે.

# કેરળ વિધાનસભા દ્વારા રાજ્યોની મહિલા ધારાસભ્યોની રાષ્ટ્રીય પરિષદ



ગાંધીનગર, તા. ૨૭

ભારતની આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ થવા પર આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે કેરળ વિધાનસભા દ્વારા ''પાવર ઓફ ડેમોક્રેસી'' થીમ અંતર્ગત દેશની તમામ રાજ્યોની મહિલા ધારાસભ્યોની સૌ પ્રથમ રાષ્ટ્રીય પરિષદ થીરવનંતપુરમ ખાતે તા. ૨૬ અને ૨૭મી મે-૨૦૨૨ના રોજ યોજાઈ હતી. આ પરિષદનું ઉદ્ઘાટન રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ દ્વારા કરવામાં આવ્યું હતું અને આ રાષ્ટ્રીય કોન્ફરન્સનું સમાપન લોકસભાના સ્પીકર ઓમ બિરલા દ્વારા કરવામાં આવ્યું હતું.

આ પરિષદમાં ગુજરાત રાજ્ય ખાતેથી વિધાનસભાના અધ્યક્ષ ડૉ. નીમાબેન આચાર્ય, રા.ક. મંત્રી નિમીષાબેન સુથાર અને અન્ય ચાર મહિલા ધારાસભ્યોએ ભાગ લીધો હતો. આ પરિષદમાં દેશના રાજ્યોના મહિલા ધારાસભ્યો ઉપરાંત ભારતના કેન્દ્રીય મંત્રીઓ, લોકસભાના અધ્યક્ષ, નાયબ અધ્યક્ષ સહિત સંસદસભ્યો ઉપસ્થિત રહ્યા હતા. આ પરિષદમાં ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ ડૉ. નીમાબેન આચાર્યએ 'ભારતનું બંધારણ અને મહિલાઓના અધિકારો' વિષય પરત્વે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા.

# રાજ્ય સરકારની નવી ટેલિકોમ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પોલિસી જાહેર

## 'ઓપ્ટિકલ ફાઈબર' અને 'મોબાઈલ ટાવર' પ્રસ્થાપિત કરવા ઇન્સ્ટોલેશન પરવાનગી આપતા રાજ્યના તમામ વહીવટી વિભાગોની એક સંકલિત પોલિસી તૈયાર કરાઇ

ગાંધીનગર, તા. ૨૭

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ડિજીટલ ઈન્ડિયા મિશનને સાકાર કરવાની દિશામાં રાજ્ય સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ દ્વારા વધુ એક પહેલરૂપ નક્કર પગલુ ભરવામાં આવ્યુ છે. 'ઓપ્ટિકલ ફાઈબર' અને 'મોબાઈલ ટાવર' પ્રસ્થાપિત કરવા માટે તેના ઈન્સ્ટોલેશન માટેની પરવાનગી આપતા રાજ્યના તમામ વહીવટી વિભાગોની એક સંકલિત પોલિસી ''ટેલિકોમ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પોલિસી-૨૦૨૨'' જાહેર કરવામાં આવી છે. આ ટેલિકોમ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પોલિસી થકી હવે અંડરગ્રાઉન્ડ ટેલિગ્રાફ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ઓવરગ્રાઉન્ડ ટેલિગ્રાફ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે **Single Window Clearance** પેટર્નથી ઈન્સ્ટોલેશન પરવાનગી મળતી થશે. પર્યાપ્ત બેન્ડવિથ સાથે એક મજબૂત માહિતી અને સંચાર ટેકનોલોજી ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવા રાજ્યમાં અત્યાધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને ઓપ્ટિકલ ફાઈબર નેટવર્ક અને ટેલિકોમ ટાવર સ્થાપિત કરવાની જરૂરિયાતોને ધ્યાને લેતાં ભારત સરકાર દ્વારા વર્ષ-૨૦૧૬માં "**Right of Way (ROW) POLICY**" જાહેર કરવામાં આવી હતી. જે અનુસંધાને ગુજરાત રાજ્યમાં પણ આ પોલિસીની જરૂરિયાતોને ધ્યાને લઈને આ નવી **ROW (hku)** પોલીસી તૈયાર કરવામાં આવી છે.

ગુજરાતમાં અલગ અલગ વહીવટી વિભાગો દ્વારા તેમના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારમાં અંડર ગ્રાઉન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર (ઓપ્ટિકલ ફાઈબર) અને ઓવર ગ્રાઉન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર (મોબાઈલ ટાવર) પ્રસ્થાપિત કરવા અલગ-અલગ નીતિઓ અમલી હતી. પરંતુ સમગ્ર રાજ્યમાં અંડરગ્રાઉન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર (ઓપ્ટિકલ ફાઈબર) અને ઓવરગ્રાઉન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર (મોબાઈલ ટાવર) પ્રસ્થાપિત કરવા કોઈ સંકલિત-સમાન નીતિ ન હતી. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણીની દૂરંદેશી નીતિ તેમજ માર્ગદર્શન હેઠળ વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ દ્વારા પહેલ કરી રાજ્યમાં તમામ વહીવટી વિભાગોની આ બાબતે એક સંકલિત પોલીસી બનાવવા સંબંધિત વિભાગો સાથે પરામર્શ કરીને સમગ્ર રાજ્ય માટે અંડરગ્રાઉન્ડ ટેલિગ્રાફ ઈન્ફ્રાસ્ટ્રક્ચર (UTI) માટે અને ઓવરગ્રાઉન્ડ ટેલિગ્રાફ ઈન્ફ્રાસ્ટ્રક્ચર (OTI) માટેના ઈન્સ્ટોલેશન માટેની પરવાનગી આપવાની ભારત સરકારની નીતિને અનુરૂપ **Single Window Clearance** પેટર્ન મુજબ ટેલિકોમ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પોલિસી-૨૦૨૨ ની જાહેરાત કરવામાં આવી છે.

# જીટીયુ ખાતે ધોરણ ૮ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે ૫ દિવસીય ડિઝાઈન બૂટ કેમ્પનું આયોજન

ગાંધીનગર, તા. ૨૭

ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી (જીટીયુ) ટેક્નિકલ જ્ઞાનનો પ્રચાર પ્રસાર થાય અને ટેક્નિકલ અભ્યાસ સાથે જોડાયેલા ગ્રેજ્યુએટ અને પોસ્ટ ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓમાં નવીનતમ ટેક્નોલોજીનો વ્યાપ વધે તે અર્થે તો સતત કાર્યરત રહે જ છે. પરંતુ ધોરણ ૮ થી લઈને ધોરણ ૧૨ ના વિદ્યાર્થીઓ શાળાકીય અભ્યાસ દરમિયાન જ ટેક્નોલોજી પ્રત્યે પ્રેરાય અને ડિઝાઈન, ઈનોવેશન જેવી પ્રવૃત્તિમાં ભાગ લે તે અર્થે દર વર્ષે જીટીયુ દ્વારા ડિઝાઈન બૂટ કેમ્પનું આયોજન કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૨નો બૂટ કેમ્પ આગામી તારીખ ૩૦ મે થી ૩ જૂન સુધી યોજાશે.

આ સંદર્ભે જીટીયુના કુલપતિ પ્રો. ડૉ. નવીન શેઠે જણાવ્યું હતુ કે ટેક્નોક્રેટ યુગમાં વિદ્યાર્થીઓ નીતનવા પ્રયોગો કરીને ટેક્નોલોજીના વિકાસ થકી આત્મનિર્ભર ભારત અભિયાનમાં સહભાગી થશે. જીટીયુના કુલસચીવ ડૉ. કે. એન. ખેરે ડિઆઈસી ઈન્ચાર્જ ડૉ એસ.કે. હડિયા અને કો ઓર્ડિનેટર પ્રો. રાજ હકાણીને સફળ સંચાલન માટે શુભકામના પાઠવી છે.

૫ દિવસી સુધી ચાલનારા આ બૂટ કેમ્પમાં ૧૦૦ થી વધુ વિદ્યાર્થીઓ જોડાશે. જેનો મુખ્ય હેતુ આજના યુવા ટેક્નોક્રેટના વિચારો અને તેમની આવડતથી સમાજની વિવિધ સમસ્યાઓનું ટેક્નોલોજી અને ઈનોવેશનની ડિઝાઈનનું નિર્માણ કરીને સમાધાન મેળવવાનું છે. બૂટ કેમ્પના પ્રથમ ૨ દિવસ માટે વિદ્યાર્થીઓને પ્રોબ્લમ સોલ્વિગ અને ક્રિટીકલ થીંકિંગ થોટ ડિઝાઈન પ્રોસેસ પર માર્ગદર્શન આપવામાં આવશે. ત્રીજા દિવસે પ્રોગ્રામીંગ અને ઓટોમેશન શિખવવામાં આવશે. ચોથા અને પાંચમાં દિવસે અનુક્રમે ગેમ ડેવલોપમેન્ટ , સ્ટોરી ટેલીંગ ઈન પ્રોગ્રામીંગ અને ૩- ડી પ્રિન્ટીંગ જેવા વિષયો પર અવગત કરાવીને તેમના દ્વારા વિવિધ ઈનોવેટીવ પ્રોજેક્ટનું નિર્માણ કરવામાં આવશે. બૂટ કેમ્પમાં ભાગ લેવા ઈચ્છતા વિદ્યાર્થીઓ **https://forms.gle/iSmyNgAGyQNSkQmPA** લિંક પર રજીસ્ટ્રેશન કરાવી શકશે. આગામી મહિનામાં ભારતના દરેક રાજ્યોના વિદ્યાર્થીઓને આ લાભ મળી શકે તે માટે ઓનલાઈન બૂટ કેમ્પનું પણ આયોજન કરવામાં આવશે.

### સંપાદનની પ્રક્રિયા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નિકાલ, પાણી વિજળીની લાઈન તેમજ ગેસની લાઈન અને ઓનલાઈન નેટવર્ક ફાઈબર લાઈન પણ પસાર કરવામાં આવે તે મુજબનુ આયોજન કરાશે. જયારે આ ટનલ મારફતે ચિલ્ડ વોટરની લાઈન પણ નાંખવામાં આવશે. મહેસુલ વિભાગે આ મામલે જમીન સંપાદન કરવા માટે જાહેરનામુ પણ બહાર પાડી દીધુ છે. અગાઉ ગિફ્ટ સીટીના કિસ્સામાં જમીન સંપાદન કરવાની પ્રક્રીયા વિરોધ અને વિવાદની એરણે ચડી હતી. જયારે હાલ ફિરોઝપુર અને રતનપુર બે ગામના સર્વે નંબરોનો સમાવેશ કરાયો છે. આ મામલે કોઈને પણ વાંધો હોય તો બે મહીનામાં વાંધા સુચનો રજુ કરવા માટે પણ જણાવાયુ છે. સર્વેયર કે અન્ય કર્મચારીઓને આ જમીનમાં દાખલ થતા અટકાવી નહીં શકાય તેમ પણ જાહેરનામાના માધ્યમથી જણાંવાયુ છે.

### સસ્પેન્ડ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વળી આશા પોર્ટલ પર ટેન્ડર પ્રક્રિયા હાથ ધરાતી હતી અને તેનો પાસવર્ડ-યુઝર આઈડી પણ આ મહિલા કર્મચારી પાસે હતો. માનીતી પાંચ છ એજન્સીને લાભ કરાવવા માટે ઓનલાઈન ટેન્ડરમાં મનસ્વી શરતો રાખવામાં આવતી હતી. સંજય શાહ દ્વારા કરવામાં આવેલી કેટલીક ખરીદી પણ શંકાના દાયરામાં છે.

### નજારો બદલાયો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીનગરમાં આજે સવારથી જ મોસમનો મિજાજ બદલાયેલો જોવા મળ્યો હતો. જયારે સવારથી જ આકાશી નઝારો પણ નિખર્યો હતો. સુસવાટા મારતા ઠંડા પવન સાથે વાદળિયુ વાતાવરણ છવાયેલુ રહ્યુ હતુ. જયારે આકાશમાં પણ કાળા ડીબાંગ વાદળો અંગડાઈ લેતા જોવા મળ્યા હતા છેલ્લા બે ત્રણ દિવસથી વાતાવરણ પલ્ટાની અસર વચ્ચે ગરમીનુ જોર પણ હળવુ થયુ છે. જયારે ગઈકાલે પણ વાદળિયુ વાતાવરણ છવાયેલુ રહ્યુ હતુ જો કે સવારના વાદળિયા વાતાવરણ બાદ અચાનક જ ગરમીનુ જોર વધ્યુ હતુ. આકાશમાંથી વરસાદી વાદળો દુર હટતા આકરો તાપ અનુભવાયો હતો. છેલ્લા બે ત્રણ દિવસથી વાતાવરણમાં સતત બદલાવ જોવા મળી રહ્યો છે. જેના લીધે ગમે ત્યારે માવઠુ થાય તેવી શક્યતા પણ વર્તાઈ રહી છે. જો કે બે દિવસ દરમિયાન વાદળિયા વાતાવરણના અંતે પણ વરસાદી છાંટણા વરસ્યા ન હતા જયારે બપોર થતા ગરમીનો પારો ઉપર ચઢયો હતો. ઉનાળાની શરૂઆતથી જ ગરમીનો મિજાજ સાતમા આસમાને છે. ગત માર્ચ મહીનાથી જ ગરમીનુ જોર અચાનક વધી જતા નગરજનો છેલ્લા ત્રણ મહીનાથી ગરમીમાં શેકાઈ રહ્યા છે. જયારે એપ્રિલ અને મેં મહીનામાં સિઝનની જ નહીં પરતુ દાયકાની રેકર્ડ બ્રેક ગરમી નોંધાઈ છે. ગરમીનો પારો ૪૬ . ડીગ્રી નજીક પહોંચી ગયો હતો. જેના લીધે આગ ઓકતી ગરમીથી જનજીવન પ્રભાવિત થયુ હતુ. હજુ પણ ગરમીનો મિજાજ આકરો છે. છેલ્લા ઘણાં સમયથી ગરમીનુ જોર યથાવત છે. એકાદ દિવસને બાદ કરતા મહત્તમ તાપમાન ૪૦ ડીગ્રીની નીચે ગયુ ન હતુ જયારે આજે લાંબા સમયના અંતે ગરમીનુ જોર ઘટયુ હતુ. જેના લીધે સતત ગરમીની અસરથી નગરજનો બેબાકળા થઈ ગયા છે. આકરી ગરમીના લીધે જન આરોગ્ય પણ પ્રભાવિત છે. એકબાજુ વેકેશનની સિઝન ચાલી રહી છે. ત્યારે ગરમીનુ જોર વધુ રહેતા શહેરીજનો આખો દિવસ ઘરમાં પુરાયેલા રહેવાનુ પસંદ કરી રહ્યા છે. ઘણા પરિવારનો ગરમીના લીધે બહાર ફરવા જવાનુ પણ ટાળ્યુ છે. શહેરમાં ગરમીની અસરથી દિવસના સન્નાટા બાદ રાત્રિના સમયે રોનક જોવા મળે છે. રાત્રિના પણ છેલ્લા બે ચાર દિવસથી મોસમનો નઝારો બદલાય છે. અલબત્ત સુસવાટા મારતો પવન શરૂ થતા નગરનો ઠંડક અનુભવે છે. ગઈકાલે પણ રાત્રિના સમયે પવનના લીધે નગરજનોએ ગરમીમાં રાહત અનુભવી હતી આજે દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ૩૯.૫ ડીગ્રી રહ્યુ હતુ જયારે લઘુત્તમ તાપમાન પણ ૨૭.૮ ડીગ્રી રહ્યુ હતુ. જયારે મહત્તમ અને લઘુત્તમ તાપમાન વચ્ચે ૧૨ ડીગ્રીનો તફાવત જોવા મળ્યો હતો. વાતાવરણ પલ્ટાના અંતે નગરજનોને ગરમીમાં રાહત થઈ હતી પરંતુ લાંબા સમયથી શહેરીજનો ગરમીથી તોબા પોકારી ગયા છે. ત્યારે હવે આગામી ચોમાસુ પણ સમયસર શરૂ થાય તેની પણ વાટ જોવાઈ રહી છે.

### ઘોડિયા ઘર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. મહિલા કર્મયોગી બાળકનું સ્તનપાન કરાવી શકે તે માટે અને ધાત્રી માતાઓને બેસવા માટેથી અલગ રૂમની સુવિધા પણ ખાસ આ ઘોડિયા ઘરમાં કરવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લા કલેક્ટર કચેરીમાં બનાવેલુ ઘોડિયા ઘરમાં બાળક અને માતા બન્નેનું ઘરના વાતાવરણ જેવુ જ લાગે તેના પર ખાસ ભાર મુકવામાં આવ્યો હોવાનું પણ સુશ્રી રિતુસિંહે જણાવ્યુ હતુ. તેમણે કહ્યું કે ઘોડિયાઘરમાં બાળકને રમવા માટે પ્લે એરિયા પણ રાખવામાં આવ્યો છે તેમાં રમકડાઓની સાથે લપસણી અને અન્ય સુવિધાઓ છે.

આ ઘોડિયા ઘરના આરંભ પ્રસંગે કલેકટર કચેરીના અધિકારીઓ અને કર્મયોગીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### લાલ ચંદન

● અનુસંધાન પહેલાનું ચાલુ

આંતરરાષ્ટ્રીય બજાર કિંમતો અનુસાર ૭ થી ૧૪ કરોડ જેટલી કિંમત આ જથ્થાની થવા જાય છે, જેને સીઝ કરીને તપાસ હાથ ધરાઈ હતી. આ જથ્થો અમદાવાદના આઈસીડી ખોડીયારથી લોડ થઈને મુંદ્રા દુબઈ સારજહા પોર્ટ એક્સપોર્ટ થવા જઈ રહ્યો હતો ત્યારે ડ્ઢૈં દ્વારા કાર્યવાહી કરીને ઝડપી પાડવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે ભારતના દક્ષિણી પૂર્વી ઘાટમાં આ લાલ ચંદનના વૃક્ષો મોટી માત્રામાં આવેલા છે. આ વૃક્ષોને કાપવા અને તેના વેચાણ પર પ્રતિબંધ મૂકવામાં આવેલું છે.

### કચ્છના હરામીનાળામાં પાંચ પાકિસ્તાની બોટ કબજે કરાઈ

ભૂજ, તા.૨૭

અતિ સંવેદનશીલ વિસ્તારમાં એવા કચ્છના હરામીનાળામાં મ્જીહ્લનો સપાટો યથાવત છે. ફરી એકવાર એક પાકિસ્તાની અને પાંચ પાકિસ્તાની બોટ કબજે કરી છે. હરામીનાળામાં પાકિસ્તાની બોટને ઝડપી પાડવા માટે મ્જીહ્લએ ત્રણ રાઉન્ડ ફાયરિંગ કર્યુ. હજુ પણ પાકિસ્તાનીઓ ઝડપાવાની શક્યતા છે. સર્ચ ઓપરેશન સઘન બનાવાયું છે.

આજે ફરી એક પાકિસ્તાની સાથે પાંચ પાકિસ્તાની બોટ કબ્જે કરી છે. મ્જીહ્લએ પાકિસ્તાની બોટને પકડવા માટે ૩ રાઉંડ ફાયરીંગ પણ કરવું પડ્યું. અત્યારસુધી બીએસએફે ઓપરેશન ચલાવી ૩ પાકિસ્તાની સાથે ૯ પાકિસ્તાની બોટ કબ્જે કરી છે. હજુ પણ કાર્યવાહી યથાવત છે. ગઈકાલે પણ મ્જીહ્લએ ૨ પાકિસ્તાનીને હરામીનાળા પાસેથી ઝડપી લીધા હતા. હજુ પણ પાકિસ્તાની માછીમારો દરિયામાં હોવાની શક્યતાના આધારે સર્ચ ઓપરેશન સઘન બનાવ્યું છે.

હરામીનાળા વિસ્તારમાંથી આજે શુક્રવારે વધુ ૫ પાકિસ્તાની બોટ સાથે ૧ ઘૂસણખોર માછીમારને સલામતી દળોએ સર્ચ-ઓપરેશન દરમિયાન સફળતાપૂર્વક ઝડપી પાડ્યો હતો.

# પ્રધાનમંત્રી રાજકોટના આટકોટમાં હોસ્પિટલનું આજે લોકાર્પણ કરશે

## જિલ્લા કલેક્ટર અને જિલ્લા પોલીસ દ્વારા વાહનો ચાલકોને રૂટ ડાયવર્ટ કરવા માટેનુ જાહેરનામુ બહાર પાડવામાં આવ્યું

રાજકોટ, તા.૨૭

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહ બંને ગુજરાતના પ્રવાસે આવનાર છે. પીએમ મોદી રાજકોટના આટકોટમાં બની રહેલી હોસ્પિટલના લોકાર્પણ કરવાના છે. ત્યારે આટકોટમાં PMના કાર્યક્રમને લઈને ટ્રાફિક ડાઈવર્ટ કરવામાં આવ્યો છે. રાજકોટ-ભાવનગર હાઈવે પર શનિવારે સવારે ૬ થી બપોરે ૩ ટ્રાફિક ડાઈવર્ટ રહેશે. ST સિવાયના ભારે તથા કોમર્શિયલ વાહનો, ખાનગી ટ્રાવેલ્સ માટે ડાઈવર્ટ રૂટનું જિલ્લા કલેક્ટર દ્વારા જાહેરનામું બહાર પડાયું છે.

આટકોટમાં આગામી ૨૮ તારીખે પીએમના આગમનને લઈને ટ્રાફિક ડાયવર્ટ કરવામાં આવ્યો છે. રાજકોટ જિલ્લા કલેક્ટર અને જિલ્લા પોલીસ દ્વારા વાહનો ચાલકોને રૂટ ડાયવર્ટ કરવા માટેનુ જાહેરનામુ બહાર પાડવાં આવ્યુ છે. જેમાં મોટા વાહનો, ભારે વાહનો, ખાનગી ટ્રાવેલ્સ, કોમર્શિયલ વાહનોના રૂટ ડાયવર્ટ કરવામાં આવ્યા છે તેવુ જિલ્લા પોલીસ વડા જયપાલસિંહ રાઠોડે જણાવ્યુ.

રાજકોટના જસદણના આટકોટમાં કે.ડી.પરવાડિયા મલ્ટીસ્પેશ્યલિટી હોસ્પિટલનું ૨૮ તારીખે પ્રધાનમંત્રી લોકાર્પણ કરશે. ૪૦ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવેલ હોસ્પિટલ વિશે તેના મેનેજીંગ ટ્રસ્ટી અને ભાજપ ઉપાધ્યક્ષ ભરત બોધરાએ જણાવ્યુ કે, સૌરાષ્ટ્રને આરોગ્ય ક્ષેત્રે મોટી ભેટ કહી શકાય.

જેમાં કેન્સર, ડાયાલિસીસ સહિત ગંભીર બીમારીઓની સારવાર કરવા માટેની સુવિધા હશે. માત્ર જસદણ જ નહીં અમરેલી અને ભાવનગર જિલ્લાના દર્દીઓને પણ તેમાં સારવાર મળશે. પટેલ સેવા સમાજ ટ્રસ્ટ દ્વારા હોસ્પિટલ તૈયાર કરવામાં આવી છે. જેમાં બાળકો માટે NICUની પણ ખાસ સુવિધા છે. આધુનિક ટેકનોલોજી થી સજ્જ ઓપરેશન થિયેટર છે.



આ હોસ્પિટલમાં આયુષમાન ભારત કાર્ડથી પણ સારવાર આપવામાં આવશે. આયુષ્યમાન કાર્ડ ન હોઈ તો કાર્ડ પણ કાઢી આપવામાં આવશે. ગરીબ દર્દીઓને સારવાર મળી રહે તેવો પ્રયાસ કરાશે. જેની પાસે આરોગ્ય માટેના કાર્ડ નહિ હોય તો પણ સારવાર કરવામાં આવશે. જે ગરીબ દર્દી પાસે રૂપિયા નહિ હોય તો પટેલ સેવા સમાજ ટ્રસ્ટ તેનો ખર્ચો ઉપાડશે. દર વર્ષે આ હોસ્પિટલ ચલાવવા પાછળ ૧ કરોડનો ખર્ચ થશે.